# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-10-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## કેન્દ્રીય મંત્રી-સૌરઉર્જા ઉત્પાદન:

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, ભારત સૌરઊર્જા ઉત્પાદનમાં સ્થાપિત ક્ષમતાનો 50 ટકા હાંસલ કરીને વૈશ્વિક સ્તરે ત્રીજા સ્થાન પર છે. નવી દિલ્હીમાં આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન સભાના આઠમા સત્રમાં માધ્યમોને માહિતી આપતા શ્રી જોષીએ કહ્યું, ભારતે જીવાશ્મ ઇંધણની આયાત અને પ્રદૂષણ સંબંધિત ખર્ચ ઘટાડ્યો છે. તે સ્વચ્છ ઊર્જાના આર્થિક લાભને દર્શાવે છે.

આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન – I.S.A. ના સભ્ય દેશોની ભૂમિકા અંગે ચર્ચા કરતા શ્રી જોષીએ કહ્યું, સભ્ય દેશો વૈશ્વિક ક્ષમતાના અંદાજે 41 ટકા ધરાવે છે, જે તેમના પ્રભાવને દર્શાવે છે. તેમણે કહ્યું, આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન સૌરઊર્જાને નિષ્પક્ષ, સસ્તું અને ટકાઉ બનાવવા કામ કરી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય પગારપંચને મંજુરી:

કેન્દ્રીય મંત્રીમંડળે 8મા કેન્દ્રીય પગાર પંચના કાર્યક્ષેત્રને મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આયોગ તેના ગઠનના દિવસથી 18 મહિનાની અંદર તેની ભલામણો રજૂ કરશે. તેમણે જણાવ્યું હતું કે કમિશનમાં એક અધ્યક્ષ, એક અંશકાલિક સભ્ય અને એક સભ્ય-સચિવનો સમાવેશ થશે.

---------------------------------------------------------------------------------------------------------

## ટ્રાફિક-ઈ-ચલણ:

રાજ્યમાં ટ્રાફિક ઇ-ચલણ દંડ ભરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બની છે. ગુજરાત પોલીસની ટ્રાફિક શાખા દ્વારા ભારતીય સ્ટેટ બેંક-SBI સાથે કરાયેલા સમજૂતી કરાર-MoU અંતર્ગત ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ BBPS મારફતે વિવિધ ઓનલાઇન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેનાથી હવે ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઇ કરી શકશે.

આ સુવિધાથી વાહનચાલકોને ઓનલાઈન પેમેન્ટના વધુ વિકલ્પો પ્રાપ્ત થશે અને દંડની રકમ ભરપાઇની પ્રક્રિયા વધુ સુવિધાજનક બનશે.

---

## આપતિ વ્યવસ્થાપન સમીક્ષા બેઠક :

અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ગાંધીનગર રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર- SEOC ખાતે ગઈકાલે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે વર્ચ્યુઅલ માધ્યમથી અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવીને સંબંધિત જિલ્લા કલેકટરને જરૂરી સૂચનાઓ પણ આપી. સંભવિત જોખમને ધ્યાને લઇ જિલ્લા વહીવટી તંત્રએ જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરીને સાવચેત રહેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

---

## રાજ્યમાં વરસાદ:

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદ થઈ રહ્યો છે. ગઈકાલે રાજ્યના 119 તાલુકાઓમાં વરસાદ થયો છે, જેમાં સૌથી વધુ પોણા 2 ઇંચ

જેટલો વરસાદ અમદાવાદ જિલ્લાના બાવળા, અને ગીર સોમનાથ જિલ્લાના તાલાલા, વેરાવળ, સૂત્રપાડામાં થયો છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે હવામાન ખાતાની પાંચ દિવસની હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે કચ્છના ભુજ, ગાંધીધામ, અંજાર, નખત્રાણા અને ભચાઉ તાલુકામાં ઝરમરથી માંડી દોઢેક ઈંચ વરસાદ પડયો હતો, તો ધાબડિયા વાતાવરણના કારણે સૂસવાટા પવનો થકી ઠંડક પ્રસરી હતી.

કચ્છના બંદરો પર 3 નંબરનું સિગ્નલ લગાવાયું છે, કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતિત બન્યા હતા.

---

## <u>ક્રિકેટ:</u>

ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો વચ્ચેની પાંચ ટી 20 મેચોની શ્રેણીનો આજથી આરંભ થાય છે. પ્રથમ મેચ કેનબેરા ખાતે રમાશે. જેનો આરંભ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે થશે, એ અગાઉ ત્રણ વન ડે શ્રેણીની મેચ ઓસ્ટ્રેલિયાએ બે વિરુદ્ધ એક મેચથી જીતી લીધી હતી. ભારતે સિડની ખાતેની અંતિમ મેચમાં જીત મેળવી હતી.

---

## <u>જલારામ બાપાની જન્મ જયંતી:</u>

આજે સંત શિરોમણિ જલારામ બાપાની 226મી જન્મજયંતીની જિલ્લામાં વિવિધ સ્થળોએ પૂજા, અર્ચના, મહાપ્રસાદ તથા સેવાકાર્યો સાથે ઉજવણી કરવામાં આવશે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, નખત્રાણા, નલિયા સહિતના વિસ્તારોમાં શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. જલારામ બાપાની જન્મજ્યંતિ નિમિત્તે જરૂરિયાતમંદોને મીઠાઇ ફરસાણ રાસન કિટ આપીને સેવાકાર્યો પણ કરાશે.

---

## એકતા યાત્રા:

આગામી 31મી ઓક્ટોમ્બરે સરદાર વલ્લભભાઈ પટેલને 150 વર્ષ પુર્ણ થતાં ભુજમાં એકતા યાત્રા યોજાશે. જીલ્લા વહીવટી તંત્ર તેમજ કચ્છી લેવા પટેલ સમાજના સંયુક્ત ઉપક્રમે 31 ઓક્ટોમ્બરના વહેલી સવારે સરદાર પટેલ વિધા સંકુલ ભુજ મુદ્રા રોડ પાસેથી 5 કિલોમીટરની આ યાત્રા શરૂ થશે. શિક્ષણ વિભાગ દ્વારા છાત્ર-છાત્રાઓ તેમજ રમત-ગમત વિભાગના ખેલાડીઓ આ યાત્રામાં જોડાશે.જાહેર જનતાને ભાગ લેવા એક યાદીમાં જણાવાયુ છે.

---

## ટાઉન હોલ ખાતે ત્રિમાસિક સામાન્ય સભા:

ભુજ નગરપાલિકાની ગઈકાલે ટાઉનહોલ ખાતે પ્રમુખ રશ્મિબેન સોલંકીના અધ્યક્ષસ્થાને ત્રિમાસીક સામાન્ય સભા મળી હતી. બેઠકમાં પ્રધાનમંત્રી દ્વારા તાજેતરમાં બચત ઉત્સવ એટલે કે જીએસટી દરમાં ઘટાડો કરાતા તેમને અભિનંદન પાઠવતો ઠરાવ ઉપરાંત શહેરના માર્ગ મરામત, ગટરલાઇન સહિતના કામોને બહાલી આપવામાં આવી હતી.

---